ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

તિલકજી એ શરૂ કરેલી, ઉજવણી બંધ છે!
હે ગણપતિ બાપ્પા તમારી, ઉજવણી બંધ છે
બંધ છે મહાનાદ - 'ગણપતિ બાપ્પા મોરીયા' ના -
ભજન-કીર્તન-ને પંડાલ ઉજવણી બંધ છે
(ઉત્સવે બાંધ્યું માસ્ક)

હાઈકુ

સુરક્ષા સાથે -
કરજો ભલું -
સૌનું મંગળમૂર્તિ...
(દુદાળા પીજો ઉકાળા!)

હું ખાતો નથી !
ખાવા દેતો નથી -
ઉંદરો ભૂખ્યા !
(કરોડોથી ઓછું તો નહીં જી)

### ચિંતન

**મનસા ચિન્તિતં કાર્યં વાચા નૈવ પ્રકાશયેત ।**
**મન્ત્રેણ રક્ષયેદ્ ગુઢં કાર્યે ચાડપિ નિયોજયેત્ ॥**

ઉપરોક્ત શ્લોક ચાણક્ય નીતિમાંથી લેવામાં આવેલ છે.

જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તેનું ગુપ્ત મંત્રની જેમ રટણ કરો. કોઈને કહ્યા વિના તે કાર્ય શરૂ કરી દો અને તે પૂર્ણ ન થાય તે પહેલા એનો ઢંઢેરો ન પીટે.

તમારી યોજના ગુપ્ત રાખો. જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તેને મનમાં રાખો. જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તેને મનમાં રાખો. કોઈને તેના વિશે કહો નહિ. મંત્રની જેમ તેનું સતત રટણ કરી જયાં સુધી કાર્ય ચાલુ હોય ત્યાં સુધી તેના વિશે બધાને કહેતા ન ફરો. જો કાર્ય પૂર્ણ નહિ થાય તો તમે હાંસીપાત્ર ઠરશો, એટલું જ નહિ, તમે શરૂ કરેલું કાર્ય કોઈ હરીફ જાણી જશે તો તે તમારાં કાર્યમાં વિઘ્નો પણ ઊભા કરશે.

બીજ જયારે વૃક્ષ બનશે ત્યારે જગત જોવાનું જ છે. અત્યારથી લોકોને એની આજુબાજુ ફરકવા ન દો નહીંતર કયાંક એ કોક ના પગ નીચે કચડાઈ જશે.

### સુવિચાર

- જીવનમાં કંઈ ઘટના જ ન ઘટે એના કરતાં કંટાળો બહેતર છે, કારણ કે કંટાળો કમ સે કમ બુદ્ધિના વિદ્રોહનું લક્ષણ છે - **જનકલ્યાણ**
- વેલ વૃક્ષ પર ગુંથાઈ ગયા પછી નીચે ઊતરતી નથી - **હરકિસન મહેતા**
- સમાજને સુધારી ન શકાય તો કાંઈ નહીં, પણ વ્યક્તિગત જીવનને તો સુધારી શકાય - **ડોંગરેજી મહારાજ**
- જિંદગીના પ્યાલામાં જયાં પ્રેમનાં અનેક બુંધ મળી જાય છે ત્યાં 'આભાર' શબ્દ બહુ નાનો બની જાય છે - **અમૃતા પ્રિતમ**
- મોટાભાગે આપણે વિચાર કરવાનું કષ્ટ વેઠ્યા વિના જ અભિપ્રાયો આપવાની સાહ્યબી ભોગવતા હોઈએ છીએ - **જે એફ કેનેડી**
- યુદ્ધ એ શારીરિક જ નહીં, માનસિક તંદુરસ્તી માગે છે, તેના વિના યુદ્ધમાં વિજય મેળવવો મુશ્કેલ છે : **એડમિરલ ક્રિસ્ટોફર**
- આજનું ઔષધ : કોલેરાના દર્દીના પેટ પર તથા પેઢુ પર ઠંડા પાણીથી ભીંજવેલા ટુવાલ રાખવાથી દર્દી જલ્દીથી સાજો થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંતની પ્રશંસા સાંભળી એક નેકદિલ ન્યાયપ્રિય રાજાએ તેમને રાજમહેલમાં આવવા આમંત્રણ આપ્યું. સંતે આમંત્રણ સ્વીકાર્યું, રાજાએ સંતના સ્વાગતમાં મૂલ્યવાન જાજમ બિછાવી. સંત પધાર્યા પરંતુ તેમના પગ કાદવ કિચડથી ખરડાયેલા હતા. જાજમ પર ચાલતા જાજમ કાદવથી ખરડાઈ ગઈ.

રાજાએ જાજમ ગંદી થતી જોઈ સંતને પૂછ્યું, 'મહારાજ, આપ આવા ગંદા પગે આ જાજમ પર ચાલ્યા ?'

સંતે અહંકારથી જવાબ આપ્યો. 'આપના આવા પ્રદર્શનથી મને ખરાબ લાગ્યું છે અને આ જાજમના ગર્વને પણ હું ચૂરેચૂરા કરવા માંગુ છું, તેથી જ હું ગંદા પગે તેના ઉપર ચાલ્યો છું.'

રાજા પણ અતિ જ્ઞાની અને વિવેકી હતો. તેણે બીલકુલ શાંતિથી સંતને એક જ વાક્ય કહ્યું, 'મહારાજ, ગર્વથી ગર્વનું ખંડન કેવી રીતે થઈ જશે ?'

રાજાનું સાંભળી સંતની બોલતી બંધ થઈ ગઈ.

સાર એ જ કે સાચા સંત અને સજ્જનતાનો સ્વભાવ નમ્રતાથી શોભે છે, ગર્વથી ગર્વનું ખંડન ના થાય, નમ્રતાથી જ ગર્વનું ખંડન થાય.

# પાવન પર્વોનો પાવન સંદેશ

## તંત્રીસ્થાનેથી...

સનાતન ધર્મમાં કોઈ પણ શુભકાર્યનો પ્રારંભ ગણપતિપૂજનથી થાય છે. દેવાદિધેવ મહાદેવે ફરજનિષ્ઠ પુત્રને આપેલું એ વરદાન છે. કાર્યારંભ માટે 'શ્રીગણેશ' કરવા જેવો પર્યાયવાચક રૂઢપ્રયોગ સર્વમાન્ય છે. 'ગણ' શબ્દ સમૂહવાચક છે. આખા સમુદાયનો નેતા એટલે ગણનાયક, ગણાધિપતિ. એ દૃષ્ટિએ આપણા દૂંદાળા ને સૂંઢાળા દેવ સાચા રાષ્ટ્રનાયક છે, જનનાયક છે. આપણી લોકશાહી માટે 'ગણતંત્ર' શબ્દ વપરાય છે. પ્રાચીન ભારતમાં 'ગણરાજયો' હતાં તેનો ઈતિહાસ સાક્ષી છે. ગણપતિ બુદ્ધિશાળી દેવતા છે. કાર્તિકેય, શિવજીના જયેષ્ઠપુત્ર શક્તિશાળી છે. શિવજીની સમાધિ છોડાવવાનો કારસો ગોઠવીને દૈત્ય તારકાસુરના ત્રાસથી બચવા દેવોએ કામદેવને જવાબદારી સોંપી હતી. શિવનું સંતાન જ એ દૈત્યનું નિકંદન કાઢી શકે, એવી બ્રહ્માજીની સલાહ મુજબ ષડ્યંત્ર રચાયું. શિવ જાગ્યા, કાર્તિકેયના પ્રાગટ્ય માટેનો પુરુષાર્થ સંપન્ન થયો - પછી મોડી મોડી ભોળા શંભુને સમજણ પડી કે માળો કામદેવ તો તપોભંગ કરાવી ગયો! કાર્તિકેય અને ગણેશ વચ્ચે સરખામણી જ ન થઈ શકે. પૃથ્વીની પ્રદક્ષિણા એટલે માતાપિતાની પરિક્રમા - એવું એ મયૂરાસન પર ઊડતા જયેષ્ઠ કુમાર કલ્પી પણ ન શકે! ગણપતિની ઝીણી આંખ જ પિતાના વચનનો મર્મ પામી શકે. હાથીનું મસ્તક ધરાવતા ગણેશ દૂરનું સૂંઘી શકે છે, ઓછામાં ઓછી ફિકવંસીવાળી આરજુ સાંભળી શકે છે અને મોટા પેટમાં દુનિયાભરનાં બલકે સમસ્ત બ્રહ્માંડનાં રહસ્યો અને કડવા મીટા અનુભવો પચાવી શકે છે.લોકમાન્ય તિલકને ગણપતિમાં રાષ્ટ્રનાયકનાં દર્શન થયા. એમણે આઝાદીની ચળવળ પ્રત્યે સરવા કાન રાખતી બ્રિટીશ સરકારને ગણેશોત્સવને લોકોત્સવનું સ્વરુપ આપી આબાદ ઉલ્લૂ બનાવી હતી. આ ગણેશોત્સવ મહારાષ્ટ્રના સીમાડા વટાળી કાળક્રમે રાષ્ટ્રીય પર્વ બની રહેલ છે. કોરોનાના કાળમીંઢ વાતાવરણમાં પણ ઠેર ઠેર ગણેશ સ્થાપન તો થવાનું જ. સરકારે ઘરમાં જ ગણપતિ સ્થાપન કરવાના આદેશો કર્યા છે. પરંતુ એક વાર પર્વ લોકોત્સવનું સ્વરુપ ધારણ કરે છે તે પછી એને નિયંત્રિત કરવું અઘરું બની જાય છે. લોકો સમજણપૂર્વક આરોગ્યલક્ષી નિયમોનું પાલન કરે એવું તો ખુદ ગણપતિ પણ ઈચ્છે. ચતુર્થીનો દિવસ જૈન ધર્મમાં સંવત્સરી - પર્વાધિરાજ પર્યુષણના સૌથી મહત્ત્વના દિવસ તરીકે ઊજવાય છે. જૈન ધર્મમાં ક્ષમાપનાનું ખૂબ મહત્ત્વ છે. ક્ષમા મોક્ષનો ભવ્ય દરવાજો છે. ક્ષમા આપનાર જેટલો જ ક્ષમા માગનાર પણ મહાન છે. સંસાર છે - કોઈની સાથે વિવાદ થયો હોય, મતભેદમાંથી મનભેદ ઊભા થઈ ગયા હોય, જાણતાં કે અજાણતાં કોઈનું દિલ દુભાયું હોય તો ખરાં અંતઃકરણથી ક્ષમા માગી લેવાથી મન હળવું થઈ જાય છે અને વણસેલા સંબંધો ફરી સંધાઈ જાય છે. અહિંયા, ક્ષમા અને જીવ માત્રને જીવવાનો અધિકાર જેવા સિદ્ધાંતો ધરાવતો જૈન ધર્મ માનવમૂલ્યોની પ્રતિષ્ઠા કરે છે. માનવી મનુષ્યાવતારમાં જ તીર્થંકરપદે પહોંચી શકે છે, એ આ ધર્મની મોટી ખૂબી છે. ભગવાન મહાવીરને આ શુભ દિને વંદન કરી જીવ માત્રની ક્ષમાપના કરી. 'મિચ્છામી દુક્કડં'!

## મૈં કલ કે બારે મે કભી નહીં સોચતી...હો રહેગા કુછ ના કુછ ઘબરાયે ક્યા...ઝીંદગી સિર્ફ એક ઈત્તફાક કા નામ હૈ...




**મૈં કલ કે બારે મે કભી નહીં સોચતી...હો રહેગા કુછ ના કુછ ઘબરાયે ક્યા...ઝીંદગી સિર્ફ એક ઇત્તફાક કા નામ હૈ...**

**- આદમી ઔર ઇન્સાન**

૧૯૬૯ બી.આર.ચોપરાના બેનર હેઠળ બનેલી આ ફિલ્મનું દિગ્દર્શન યશ ચોપરાએ કર્યુ હતુ. ધર્મેન્દ્ર,સાયરા બાનુ,ફિરોઝ ખાન અને મુમતાઝના અભિનયના અજવાળા પાથરતી આ ફિલ્મ સુપર હિટ રહી હતી.આ એક માત્ર ફિલ્મમાં યશ ચોપરા અને ધર્મેન્દ્રએ સાથે કામ કર્યુ છે. આ ફિલ્મની કથા અખ્તર અલ ઈમાન દ્વારા લખાઈ છે. ફિલ્મમાં આ સંવાદ મુમતાઝના મુખે બોલાવવામાં આવ્યો છે.

વાસ્તવિક જીવનમાં પણ જીવન જીવવાની મોટી સંજીવન ઔષધિ જેવું આ વાક્ય છે. ભવિષ્ય માટે ખૂબ જ વિચારતા રેહવુ એ તો નરી મૂર્ખામી જ છે..છતાં આપણે પીંજરે પૂરાયેલા પોપટને મુખે બોલાતી વાણીના ભરોસે આપણી જીંદગી વીતાવતા રહીએ છીએ.

ન ભૂતો ન ભવિષ્યતિ જેવો કાલજયી ગ્રંથ એટલે પંચતંત્ર. આ અદભૂત કથા ગ્રંથમાં ઉપરના સંવાદ જેવું જ અર્થસામ્ય ધરાવતી એક પંક્તિ મળી આવે છે.

**ન હિ ભવતિ યન્ન ભાવ્યં ભવતિ ચ ભાવ્યં વિનાપિ યત્નેન ।**
**કરતલગતમપિ નશ્યતિ યસ્ય તુ ભવિતવ્યતા નાસ્તિ ॥**

**- પંચતંત્ર**

- જે થવાનું નથી તે નથી જ થવાનું.જે થવાનું છે તે કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના પૂરું થઈ જાય છ. જે મળવાનું નથી તે હાથમાં આવવા છતાં નાશ પામે છે.

ઈ.સ.ની બીજી સદી હોય કે ૧૯૬૯ની ઓગણીસમી સદી..આપણાં ગ્રંથોના જ વચનો વળી પાછા સૌએ અપનાવવા પડ્યા છે. પંચતંત્ર,હિતોપદેશ,રામાયણ અને મહાભારત...આ ગ્રન્થોનો અભ્યાસ બાળકોને ફરજીયાતપણે કરાવવો જ રહ્યો. મૂલ્યનિષ્ઠ શિક્ષણ આજના એકપણ પાઠ્યપુસ્તકોમાં કે શૈક્ષણિક સંસ્થાનોમાં પીરસાતું નથી. શાળામાં બાળકોને નિત્ય આનંદ મળવો જોઈએ,તેની બદલે નિત્યાનંદોથી સંકુલ વગોવાઈ રહ્યા છે. આવા સમયે આપણા પુરાતન શ્રેષ્ઠ ગ્રંથો પાસે પાછા ફરી જવાનો સમય પાકી ગયો છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

## રાષ્ટ્રીય કલા કેન્દ્ર સુરત દ્વારા કોરોના વિષે કાવ્યો, ગીત, ગઝલનો કાર્યક્રમ સંપન્ન થયો




● વૃત્ત સંચય

● રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત દ્વારા; વિશ્વ પીડિત મહામારી કોરોના કાળ દરમિયાન લખાયેલ, કોરોના વિશેનાં કાવ્યો, ગીત, ગઝલ ને સંગ્રહિત કરવાનું બીડું ઝડપવામાં આવ્યું હતું. જે અન્વયેની ઑનલાઈન એક સ્પર્ધા યોજવામાં આવેલ હતી.આ સ્પર્ધામાં ૩૧૦ કવિતાઓ આવેલ. જેમાં પ્રથમ નંબરેઃ પારુલ બારોટ (અમદાવાદ) દ્વિતીયઃહર્ષિદા ત્રિવેદી(રાજકોટ) અને તૃતીયઃગણપત પટેલ(અમદાવાદ)ને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા અને અન્ય પાંચને પ્રોત્સાહક ઈનામો માટે નક્કી કરવામાં આવેલ હતા.

વિશેષમાં નામાંકિત કવિઓને પણ તેમની કોરોનાની રચનાઓ માટે આમંત્રિત કરવામાં આવેલ; જેમાં ૩૦૦ કવિતાઓ આવેલ.આમ ૬૧૦ કવિતાઓનાં ,'ઈ-બુક' પુસ્તકો બહાર પાડવામાં આવેલ; જેનું લોકાર્પણ તા.૧૬મી ઓગસ્ટ,૨૦૨૦ ને રવિવારે, નવસારી સંસદસભ્ય અને પ્રદેશ પ્રમુખ ગુજરાત ભાજપ, સી.આર. પાટીલના વરદ હસ્તે કરવામાં આવેલ હતું.

આમંત્રિત નામાંકિત કવિઓમાં રઈશ મણિયાર; મુકુલ ચોકસી; હર્ષ બ્રહ્મભટ્ટ; ભાગ્યેશ જહા; રાજેશ વ્યાસ; તુષાર શુક્લ; શોભિત દેસાઈ; ઉષા ઉપાધ્યાય; કૃષ્ણ દવે; રવીન્દ્ર પારેખ; મુકેશ જોશી; કિરણસિંહ ચૌહાણ; મહેશ દાવડકર; ગૌરાંગ ઠક્કર; યોગેશ જોષી; અમૃત વડિયા; બકુલ ટેલર; દિલીપ ઘાસવાલા; પૂર્ણિમા ભટ્ટ; યામિની વ્યાસ અને રૂપીન પચ્ચીગરે પોતાની રચનાઓ-ગીત, ગઝલ, કાવ્યનું સ્વમુખે પઠન કર્યું હતું. આભારવિધિ યામિની વ્યાસે અને સમારોહનું સંપૂર્ણ સંચાલન નરેશ કાપડિયાએ કર્યું હતું; તેમ રાષ્ટ્રીય કલા કેન્દ્રના મહામંત્રી રૂપીન પચ્ચીગરે જણાવ્યું હતું.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પાયાનો પથ્થર : ડોલરરાય માંકડ




એક વાતનો અફસોસ ઘણાં જાગૃત નાગરિકોના મનમાં સતત રહ્યા કરે છે. જ્યારે પણ શિક્ષણની વાત થાય ત્યારે શૈક્ષણિક સંસ્થાઓમાં આપવામાં આવતા શિક્ષણની ગુણવત્તા વિશે સ્વાભાવિક રીતેજ વાત થાય છે. જે શિક્ષણ આપવામાં આવે છે તેનાથી શિક્ષાર્થીઓ જીવન જીવવા માટેનું કોઈ ભાથું મેળવે છે કે કેમ તેની પણ ચર્ચા થયા કરે છે. વાસ્તવિક્તા તરફ નજર નાખીએ ત્યારે આપણી યુનિવર્સિટીઓના ગુણવત્તાના ધોરણો વિશ્વની અન્ય આપ્રકારની સંસ્થાઓ સામે ઉણા ઉતરે છે. દેશ આઝાદ થયો તેને સાડા સાત દશકા જેવો સમય થયો હોવા છતાં વાસ્તવિક દ્રષ્ટિએ આપણી શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણની ગુણવત્તાની દ્રષ્ટિએ વિશ્વમાં પાછળના સ્થાને છે. નાલંદા કે તક્ષશિલા જેવી આપણી પ્રાચીન સંસ્થાઓનું ગૌરવ અનુભવવાનો આપણો હક્ક તો ખરો. પરંતુ તે માટેની પાત્રતા કેળવવાની આપણી ફરજ પણ બને છે. માત્ર સરકારની નીતિ નિર્ધારણના પગલાથી સ્થિતિમાં સ્થાયી કે ઊંડો તફાવત થવાની સંભાવના ઓછી છે. આવા સરકારી ઉપાયોની ઉપયોગિતાની એક મર્યાદા છે જે સમજવી તથા સ્વીકારવી જરૂરી છે. દર્શક તેમજ નાનાભાઈ ભટ્ટ શિક્ષણના સામુહીક સુધાર માટે જે બાબતો જોઈ શક્યા તે કદાચ આપણાં ધ્યાન બહાર ગઈ હોય કે આપણને અપ્રસ્તુત લાગતી હોય તેમ બનવાનો સંભવ છે. આવી માન્યતા હોય તો પણ તેના કોઈ ફાયદા થયા હોય તેમ તો દેખાતું નથી. ન્યાયમૂર્તિ ચન્દ્રશેખર ધર્માધીકારીજીએ ગુજરાત વિદ્યાપીઠમાં પોતાના પ્રવચનમાં એક મનનીય વાત કરી. તેમણે કહ્યું કે આમતો જીવનના અનેકવિધ પ્રશ્નોના ઉકેલ માટેનું સાધન એ શિક્ષણ છે. પરંતુ તેઓ ઉમેરે છે કે આ શિક્ષણ સ્વયં એક પ્રશ્ન બનીને આજે સમાજ સામે ઊભું છે. શિક્ષણ પ્રાપ્ત કરનારા મોટાભાગના લોકો ખરા અર્થમાં કેળવણી પામતા નથી એટલે કે કેળવાતા નથી.

આપણે ત્યાં શિક્ષણના આ જટીલ ક્ષેત્રમાં પોતાનું ઉજળું યોગદાન આપી જનારા અનેક મહાનુભાવો છે. તેમણે શિક્ષણ સુધારણા માટે પોતાનાથી બનતું બધુંજ કરેલું છે. આવા પુણ્યશ્લોક લોકોની સ્મૃતિ કરીએ ત્યારે એક નામ અચૂક યાદ આવે તે માંકડ સાહેબનું છે. ડોલરરાય રંગીલદાસ માંકડનો જન્મ તેમના મોસાળ જંત્રી (કચ્છ)માં ૨૩ જાન્યુઆરી-૧૯૦૨ના રોજ થયો હતો. વતન આમતો જોડિયા (જામનગર) પરંતુ તેમની કર્મભૂમિ મુખ્યત્વે અલિયાબાડા (જામનગર) રહ્યું. જીવનના દરેક કાર્યોમાં માનવીય અભિગમને કેન્દ્રમાં રાખનાર આ ઋષિતુલ્ય કેળવણીકારનો દેહવિલય ૨૯ ઓગસ્ટ-૧૯૭૦ માં અલિયાબાડા મુકામે થયો. પોતાના ઉજળા વ્યક્તિત્વની છાપ માંકડ સાહેબ ચિરકાળ માટે છોડતા ગયા. ઓગસ્ટની હરિયાળીમાં માંકડ સાહેબના લીલાછમ તરબતર વ્યક્તિત્વનું સ્મરણ અનેક લોકોને વિશેષ થાય તે સ્વાભાવિક છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તેઓ પ્રથમ કુલપતિ હતા.

ભારત સરકારે થોડા દિવસો પહેલાજ NATIONAL EDUCATION POLICY (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ)ની જાહેરાત કરી આ સંદર્ભમાં માંકડ સાહેબના એક મહત્વના જીવનકાર્યની સ્મૃતિ થાય છે. આપણાં રાજ્યની ૧૯૬૦માં સ્થાપના કરવામાં આવી. નૂતન રાજ્ય સામે શિક્ષણની મજબૂત પ્રથાની સ્થાપનાનું કાર્ય પડકારરૂપ હતું. માંકડ સાહેબે આ પડકાર સ્વેચ્છા તેમજ સ્વબળે ઉપાડ્યો. ઢેબરભાઈ તેમજ બળવંતરાય મહેતાએ તેમને પ્રોત્સાહન આપ્યું. ''ગુજરાતની કેળવણીને સુયોગ્ય ઘાટ આપવા માટેલ્લ (યશવંત શુકલ) સાહેબે રાજ્યના ખ્યાતિપ્રાપ્ત શિક્ષણવિદોની પરિષદ અમદાવાદમાં બોલાવી લગભગ ૧૫૦ જેટલા કેળવણીકારોએ વિચારવિમર્શ કરીને આ બાબતમાં એક ભવિષ્ય માટેનો નક્શો – BLUE PRINT - તૈયાર કર્યો. આવી વિસ્તૃત વિચારણાના અર્ક સમી માર્ગદર્શક રૂપરેખા તૈયાર કરવા એક નાની સમિતિનું ગઠન કરવામાં આવ્યું. આ નાના જૂથની અલિયાબાડાની બેઠકો દ્વારા શિક્ષણના ભાવિ વિકાસ માટેની રૂપરેખા તૈયાર થઈ. ઘણાં વર્ષો સુધી આ પ્રયાસના પરીણામે તૈયાર થયેલી રૂપરેખા શિક્ષણના પ્રયાસોને દિશા આપવામાં તત્કાલિન સરકારોને પણ ઉપયોગી થયા. એક આજીવન શિક્ષકની આ ગમતી મથામણ હતી. (કેળવણીનું જીવનવૃક્ષ : ડોલરભાઈ માંકડ - ડૉ. રૂપલ માંકડ - ગૂર્જર પ્રકાશન) સરકાર શિક્ષણની નીતિ ઘડે તે આવકારપાત્ર તેમજ ઈચ્છનીય ખરું. પરંતુ ડોલરરાય જેવા શિક્ષણવિદો સાથે બેસીને આ નીતિનિર્ધારણમાં તેમજ તેના સાચારુ અમલીકરણમાં ભાગીદાર બને ત્યારે એ શિક્ષણના વિકાસનો વિશેષ તથા ટકાઉ દસ્તાવેજ બને. શિક્ષણની સમગ્ર વ્યવસ્થાના વિચારના પાયામાં તો ડોલરભાઈ, પી. સી. વૈદ્ય કે તખ્તસિંહજી પરમાર જેવા લોકોની દ્રષ્ટિજ લાંબાગાળે વિદ્યાર્થી આલમને તેમજ જનસમૂહને હિતકારક બની શકે.

શહેરોમાં પણ આપણે ત્યાં કોલેજ કે હાઈસ્કૂલોની પૂરતી વ્યવસ્થા ન હતી તેવો સમય હતો. આ સમયમાં છેક ૧૯૫૩માં હાઈસ્કૂલ તથા કોલેજની શરૂઆત તેમણે અલિયાબાડા જેવા નાના ગામમાં કરી. ઢેબરભાઈના પ્રયાસોથી દરબાર ગોપાલદાસ (દરબાર સાહેબ)ની ઉદાર સખાવત મળી. જામનગરનું રાજકુટુંબ પણ મદદ કરવા ઉમંગથી આગળ આવ્યું. ગુજરાત યુનિવર્સિટીએ નિયમમાં ખાસ છૂટછાટ કરીને ડીપોઝીટ લીધા સિવાય આ કોલેજને માન્યતા આપી. (ડોલરરાય માંકડ : હરેશ ધોળકિયા. પરિચય પુસ્તિકા-૧૩૦૩) નાનાભાઈ ભટ્ટ અને ગ્રામ દક્ષિણામૂર્તિની વાત આ સંદર્ભમાં યાદ આવે છે. જેમ નાનાભાઈ ભટ્ટ શહેર છોડી ગામડે ગયા તેમજ ત્યાં જઈને શિક્ષણની ધૂણી ધખાવી તેજ કામ માંકડ સાહેબે કર્યું. શિક્ષણનો પાયો મૂળમાંથીજ મજબૂત કરવાનો આ દીર્ઘદ્રષ્ટિયુક્ત અને ભગીરથ પ્રયાસ હતો.

શિક્ષણને વિશેષ અસરકારક તેમજ જીવન ઉપયોગી બનાવવાના પ્રયાસોમાં માંકડ સાહેબે આપેલું યોગદાન અવિસ્મરણિય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને જીવંત તેમજ ધબકતી રાખવા તેમણે તે પ્રદેશના લોકસાહિત્ય તેમજ ચારણી સાહિત્યના સંશોધન તેમજ સંવર્ધનની ભૂમિકા બાંધી. સંસ્કૃત સાહિત્યના વિદ્વાનો સાથેનો સેતુ પણ તેમણેજ બાંધયો. યુનિવર્સિટીના વૃક્ષો તેમજ ભવનોમાં આજે પણ અલિયાબાડાના ડોકાકાની સૌરભ પ્રસરી રહી છે. ગુજરાત ઔદ્યોગિક શ્રેષ્ઠિઓ સાથેજ શિક્ષણના તેજપુંજ સમાન વ્યક્તિ વિશેષોથી ઝળહળા છે. આ વાતની પુનઃ પ્રતિતિ કરવી હોય તો ડોલરરાય માંકડ, ડૉ. પી. સી. વૈદ્ય સાહેબ કે વિશ્વકોશના સર્જક ધીરૂભાઈ ઠાકર જેવા પુણ્યશ્લોક લોકોની પુનઃ સ્મૃતિ કરવી જોઈએ.

# મહાત્મા ગાંધીએ કહ્યુ: 'સ્વરાજ એટલે સાફ હિન્દ'




તાજેતરમાં જ ભારત સરકારના સ્વચ્છ શહેરી સર્વેક્ષણ ૨૦૨૦ના જાહેર થયેલા પરિણામમાં ગુજરાતને ગૌરવ પ્રાપ્ત થયું છે. દેશના પ્રથમ ૧૦ મહાનગરોમાં ગુજરાત નાચાર મહાનગરને સ્થાન મળ્યું છે જે ગુજરાતમાટે આનંદની બાબત છે. કોરોનાના કાળમાં પણ રાજ્યના ચાર શહેરો સુરત,અમદાવાદ, રાજકોટ અને વડોદરાએ આ સ્વચ્છતા સર્વેક્ષણ માં અનુક્રમે દ્વિતીય, પાંચમું, છઠ્ઠું અને દસમું સ્થાન મેળવ્યું છે, ત્યારે મહાત્મા ગાંધી સ્વચ્છતા સંદર્ભે કેવી રીતે કાર્યરત હતા અને તેમના અનુયાયીઓ સહિત કોઈપણ માટે સ્વચ્છતા સંદર્ભે તેઓ કેવી અપેક્ષા રાખતા હતા એ પણ સમજવા જેવું છે. ગાંધીનો સ્વચ્છતાનો વિચાર પૂર્ણતઃ અપનાવવા જેવું છે એ સર્વકોઈ સમજે છે ત્યારે ગુજરાત ગૌરવના પ્રસંગે આવો આજે આપણે ગાંધી ગાંધીજીના સ્વચ્છતા અભિયાન સંદર્ભે કેટલાક સંદર્ભો જોઈએ.

વાત દાંડી યાત્રાની છે યાત્રા દરમિયાન ભટગામમાં તો ગાંધી બરાબરનો ગુસ્સે થયા હતા. કેટલીક ન-ગમતી ઘટનાઓથી દ્રવી ઉઠેલા ગાંધીએ તેમનો અણગમો તેમના વક્તવ્યમાં પણ સ્પષ્ટ કર્યો હતો. દાંડી કૂચના ઓગણીસમા દિવસે સવારે પ્રાર્થના પછી કૂચ આગળ જવા નીકળી હતી. રસ્તામાં સાંધીએરના વિસામાના ગામ તરફ નીકળેલી કૂચનું સામૈયું કરવા લોકો એક માઈલ જેટલા આગળ પગે ચાલતા અને ગાડાઓમાં આવ્યા હતા. મુંબઈથી કાપડના કેટલાક વેપારીઓ ઉપરાંત અમૃતલાલ 'ઠક્કર બાપા', હિન્દના દાદાભાઈ નવરોજજીના પૌત્રી ખુરશેદબેન અને મૃદુલાબેન સારાભાઈ પણ અહીં આવી પહોંચ્યા હતા. ખાદી કાંતણનું ગાડું જે સાથે હતું એના ઉપર લોકોનો ભારે દરોડો પડ્યો હતો એમ કહી તો ય ખોટું નહીં કારણકે ગાંધીજીના સુચન સ્વીકારવા સાથે ખાદી કાંતણ માટે રીતસર લોકોની પડાપડી થવા માંડી હતી. ગામલોકોએ આખા ગામને ચોખ્ખું કરી દીધું હતું. સાફ-સફાઈની આગેવાની ખુરશેદબેન અને મૃદુલાબેને હાથમાં લઈ લીધી હતી. એમને સાવરણો લઈને વાળતા જોઈને ઉપસ્થિત સહુ બહેનો પણ સફાઈકામમાં લાગી ગઈ હતી એના પરિણામે ગામલોકોમાં ઉત્સાહ વ્યાપી ગયો હતો. ખુદ ગાંધી પણ આનંદિત થઈ ઉઠ્યા હતા. ભટગામમાં ખખડાવવાના સપાટા પછી સાથી કાર્યકર્તાઓના સન્નિષ્ઠ પ્રયત્નોથી ખુદ ગાંધી પણ ખુશ થયા હતા. આગલા દિવસની તેમની ઉગ્રતા સમી ગઈ હતી. ચૈત્રી નવા વર્ષના શુભ દિને તેમના ભાષણમાંથી શીતળતા નીતરતી હતી.

ગાંધીજીએ અહિ ભાષણ કરતા કહ્યું કેઃ ''જે તલાટી ભાઈએ રાજીનામું આપ્યું છે તેમને ધન્યવાદ આપું છું. પટેલોના રાજીનામાં ઠીક સંખ્યામાં આવ્યા છે તલાટી નું બીજું રાજીનામું છે લડતનું રહસ્ય આપણે સમજતા જઈશું અને ઈશ્વર ઉપર શ્રધ્ધા રાખીશું તેમ તેમ આવા રાજીનામા વધારે ને વધારે મળતા જશે''

ગઈકાલે મેં મારા મનમાં જે વિચાર આવ્યો તે ઠલવ્યો હતો તેને અહીં બેઠેલા માણસોએ નહીં સાંભળ્યો હોય. મેં મારું હૃદયમંથન રજૂ કર્યું હતું. તે હૃદયના ઉદગારો હતા. આજે તમને સ્વયંસેવિકાઓનો અનુભવ કહેવાનો છું. તમે જુઓ છો કે ચાર પાંચ બહેનો અમદાવાદથી આવી છે. તેમાંના એક દાદાભાઈ નવરોજીના પૌત્રી ખુરશેદબહેન છે. તેઓ અહી આવ્યા કોઈએ તેમને ઓળખ્યા નહીં. એમણે ઝાડું માગ્યું ને મચી પડ્યા સફાઈમાં. દાદાને સ્વચ્છતા બહુ પસંદ હતી. અને 'સ્વરાજ એટલે સાફ હિન્દલ્લ. એ સૂત્ર તેમની પૌત્રીએ સાર્થક કર્યું. હાથમાં ઝાડું લઈ લતાઓ સાફ કર્યા અને લોકોએ પણ તેમને સાથ આપ્યો. આ દાખલો કંઈ મેં જાહેરખબર કરવા માટે નથી મૂક્યો. આ વાત તમે દાદાભાઈના સ્મરણ માટે કહી, અને સાથે સાથે સ્વયંસેવકોને દાખલો બેસાડવા માટે પણ કરી છે. —આવા ઉલ્લેખ સાથે તેમણે અમદાવાદથી આવેલી મહિલાઓ અને ગામની મહિલાઓએ જે સ્વચ્છતા ઝુંબેશ અભિયાન સંપન્ન કરીને ગામને સાફ સુથરું બનાવી દીધું હતું તેની પણ નોંધ લીધી.

> **જ્યાં ભોગ વધે ત્યાં ત્યાગ ન ટકે અને ત્યાગ ન ટકે ત્યાં ધર્મ નહીં હોય**

વિરામ બાદ કૂચ આગળ જવા નીકળી ત્યારે શ્રીમંત વ્હોરાઓ અને મુસ્લિમો પણ મોટર લઈને ઉતરી પડ્યા હતા. રસ્તામાં આવતા પરિયા ગામે ગાંધીજીનો આદર સત્કાર કર્યો. એ પછી રાતે સવા સાત વાગે દેલાડ ગામને પાદરે કુચ આવી પહોંચી હતી. અડધો માઈલ જેટલી લાંબી નાળમાં પાણી છાંટવામાં આવ્યું હતું. ગાંધીજી માટે સાદી ઝુંપડી અને સૈનિકો માટે મંડપો તૈયાર કરવામાં આવ્યા હતા. બીજા દિવસે ગાંધીનો મૌન વાર હોવાને કારણે ગાંધી અહીં રોકાવાના હતા. આ માટે લોકોએ સરસ મજાની વ્યવસ્થા કરી હતી. પેટ્રોમેક્સની બત્તીઓ ને તો તિલાંજલી આપી દેવામાં આવી હતી. અને વાંસની કમાનો ઉપર ફાનસ લટકાવવામાં આવ્યા હતા. સ્થાનિક ભજનિક ઉમેદરામના ભજનો ની ઝડી વરસી રહી હતી. સભામાં સાતથી આઠ હજાર ગ્રામજનોની હાજરી હતી. ગામના અગ્રણી કાનજીભાઈએ નિવેદન કરતા કહ્યું હતું કે, 'ઓલપાડ તાલુકાની આ છેલ્લી સભા છે અમારી ઘણી ત્રુટીઓ હશે પણ આપણી પાછળ આવવામાં અમે બનતો પ્રયાસ કરીશું. સરદારના નિકટના પરિચયમાં આવેલા તાલુકાઓ પૈકીનો એક તાલુકો ઓલપાડ તાલુકો છે. આપને અને સરદારને આ તાલુકો દગો નહીં દે એવી હું ખાતરી આપું છું'.

ત્યારબાદ ગાંધીએ સંબોધન કરતા કહ્યું કેઃ 'ગીતામાં કહ્યું છે તેમ જે વસ્તુ આરંભમાં કડવી લાગે પણ પરિણામે મીઠી હોય તે સાત્વિક છે. જે પ્રેમના અંગારા મિત્રો સાથીઓને ગઈકાલની સભામાં ભટગામમાં કાઢ્યા હતા તે અંગારા તેમણે અંગારા તરીકે માન્યા નથી, પેલી જબરજસ્ત બત્તીને બદલે ઝીણાને ઝાંખા લાગતા ફાનસો જોઈને મને આનંદ થાય છે. સંયુક્તપ્રાંતની મુસાફરી કરતા રાત્રે એવા કેટલાય ગામડામાંથી હું પસાર થયો કે જ્યાં રાત્રે બત્તી જ જોવામાં આવે અને માત્ર કૂતરા જ હસતા હોય'. રાક્ષસી સલ્તનત સાથે આપણે બાથ ભીડી છે, તે તુચ્છકારીને કે રાડો પાડીને નહી બની શકે, અહિંસાની વાટે જ બની શકે. અહિંસા આંધળી, પાંગળી કે ચીથરેહાલ લાગે, પણ જ્યારે તેની સાથે ઈશ્વરદત્ત શક્તિ મળે છે ત્યારે સામેવાળો ઝાંખો પડી જાય છે અને તેને લકવો થાય છે. આ યાત્રા સામે આજે આખું જગત જોઈ રહ્યું છે. ઓલપાડ તાલુકામાં ત્રણ દિવસ રહ્યો અને પાંચ ગામની મુસાફરી મેં કરી છે. આ કૂચમાં મારી પાસે ઘણા મીઠાં સ્મરણો છે એ બધાએ કાળે કરીને ભૂંસાઈ લાય જવાના છે, પણ ઓલપાડ તાલુકાના સ્મરણો તો એમને એમ બની રહેશે. મારી જિંદગીમાં ઘણા સંસ્મરણો બહુ કડવા છતાં મને મીઠાં લાગ્યા છે. આ તાલુકાના સ્મરણો પણ એવા છે મેં તમારી પાસે મારા દિલના ઉદગારો રજુ કર્યા છતાં મને એવો લવલેશ ભય નહીં રહ્યો કે એથી કંઈ ગેરસમજ થાય. ચોવીસકલાકમાં તો હું રંગ પલટાયેલો જોવું છું જબરદસ્ત દીવાને બદલે ઝાંખા ફાનસ મુકાયા છે. એ ફાનસો પરદેશી કે સ્વદેશી હશે પણ આપણે એનાથી ટેવાઈ ગયા છીએ. કોડીયાં અને મશાલોને આપણે ભૂલ્યા છીએ. આપણે આપણી ભૌતિક, સાંસ્કારિક અને શારીરિક આવશ્યકતા ઓછી રાખવી જોઈએ. જો હિંદને આપણે કર્મભૂમિ એટલે ધર્મ ભૂમિ રાખવા ઈચ્છતા હોઈએ તો આમ કર્યે જ છૂટકો છે. એથી ઉલટું તે ભોગ ભૂમિ. જ્યાં ભોગ વધે ત્યાં ત્યાગ ન ટકે અને ત્યાગ ન ટકે ત્યાં ધર્મ નહીં હોય. આ તો મીઠાનો મીઠો સંગ્રામ છે તમે બધા એમાં નથી આવી શકવાના એ હું જાણું છું. ત્યારે શું કરશો? તકલી ચલાવો, રેંટીયા ચલાવો તો વધુ મદદ કરી શકશો અને બહેનો દારૂબંધી પણ કરી શકે. બધા માણસો જો ખૂબ જોર બતાવે તો હું સ્વરાજને પણ ઢુંકડું લાવી શકું. પણ ખરી હિંમત જોઈશે. મને સરકાર પરહેજ કરે તેથી હું જરાય ડરતો નથી. જો બધા મક્કમ હોઈએ અને ખેલ ખરાખરીનો ચાલે તો એકલા ગુજરાતની શક્તિથી આપણે ઈચ્છીએ તે લઈએ એમ તેઓ કહે છે.

જો અસ્વચ્છતા સામે આપણે ખરાખરીનો ખેલ ખેલીએ તો ચોક્કસ ગુજરાતના નગરો મહાનગર કસ્બાઓ અને ગામો સ્વચ્છતાના ક્ષેત્રમાં ખુબ સરસ કામ કરે અને આગામી વર્ષોમાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું નામ સ્વચ્છતાની બાબતમાં ટોચ ઉપર રહે.